# એમપીએસઈઝેડ યુટિલિટીઝ પ્રાઈવેટ લિમિટેડ

રજી. ઓફિસ: અદાણી હાઉસ, મીઠાખળી સર્કલ પાસે, નવરંગપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૦૯. ફોન નં. ૦૭૯ – ૨૫૫૫ ૫૮૦૧, ફેક્સ નં. ૦૭૯ – ૨૫૫૫ ૬૪૯૦

**અરજી નં. ૧૭૭૨/૨૦૧૮ ની સમરી, જેનો હેતુ (૧) ના.વ. ૨૦૧૭-૧૮ ના ટ્રુ અપનો, (૨) ના.વ. ૨૦૧૯-૨૦ માટેના દર નિર્ધારણનો અને (૩) ના.વ. ૨૦૧૯-૨૦ થી ના.વ. ૨૦૨૦-૨૧ માટેના સમયગાળાની કુલ મહેસૂલી જરૂરિયાતની સમીક્ષા કરવાનો છે.**

## પશ્ચાદભૂમિકાની માહિતી

- એમપીએસઈઝેડ યુટિલિટીઝ પ્રાઈવેટ લિમિટેડ (એમયુપીએલ) કંપની ધારા, ૧૯૫૬ની જોગવાઈઓ હેઠળ ૨૦૦૮માં નોંધાયેલી કંપની છે. તેણે ૨૮.૦૮.૨૦૧૦ થી પોતાના વેપારી ધોરણે કામકાજનો આરંભ કર્યો છે અને તે એસઈઝેડમાં વિવિધ એકમોને વીજળી વિતરણ માટેનું વિતરણ નેટવર્ક સ્થાપિત કરવાની પ્રક્રિયા આગળ ધપાવી રહી છે.
- એમયુપીએલ મુંદ્રા એસઈઝેડ વિસ્તારમાં વિતરણ પરવાનેદાર તરીકે વીજળીના વિતરણના કારોબારમાં પ્રવૃત્ત છે. એમયુપીએલ દ્વારા નામદાર ગુજરાત વિદ્યુત નિયમન આયોગ સમક્ષ (૧) ના.વ. ૨૦૧૭-૧૮ માટેના ટ્રુ અપ, (૨) ના.વ. ૨૦૧૯-૨૦ માટેના દર નિર્ધારણ તથા (૩) ના.વ. ૨૦૧૯-૨૦ થી ના.વ. ૨૦૨૦-૨૧ ના સમયગાળા માટે કુલ મહેસૂલી જરૂરિયાતની મધ્ય સત્ર સમીક્ષાને બહાલી આપવાના હેતુસર જીઈઆરસી (મલ્ટી યર ટેરિફ) નિયમનો, ૨૦૧૬ અનુસાર અરજી કરવામાં આવી છે.

## ના.વ. ૨૦૧૭-૧૮ માટેનું ટ્રુ અપ

- અરજદારે તેની મલ્ટી યર ટેરિફ અરજી હેઠળ ના.વ. ૨૦૧૬-૧૭ થી ૨૦૨૦-૨૧ના કન્ટ્રોલ પિરિયડ માટેના અંદાજો રજૂ કર્યા હતા અને તે મુજબ નામદાર આયોગ દ્વારા પોતાના તારીખ ૩૧.૦૩.૨૦૧૭ ના એમવાયટી આદેશ અન્વયે વર્ષ ૨૦૧૭-૧૮ માટેના એઆરઆરને બહાલી આપવામાં આવી હતી.
- અરજદારે આ અરજીમાં ઓડિટ કરાયેલા હિસાબોના આધારે ટ્રુઇંગ અપ માટેની વિગતો રજૂ કરી છે.
- એમવાયટી નિયમનો, ૨૦૧૬ અનુસાર વાસ્તવિક ખર્ચ અને તેની સામે બહાલી અપાયેલા ખર્ચને ધ્યાનમાં લઈને, અરજદારે એઆરઆરનું ટ્રુ અપ કર્યું છે, નિયંત્રણ હેઠળના તેમજ નિયંત્રણ બહારના માપદંડોના આધારે નફા અને નુકશાનની ગણતરી કરી છે.
- અરજદાર દ્વારા પોતાના પરવાના વિસ્તારમાં કરાયેલું વેચાણ ૨૮૩.૯૮ એમયુ છે. વિતરણ નુકશાન ૪.૦૦% ના અંદાજો સામે ૩.૩૯% છે. તે મુજબ, ઉર્જાનું સરવૈયું વાસ્તવિક વેચાણો તથા વાસ્તવિક ટી એન્ડ ડીના નુકશાનને આધારે રજૂ કરાયું છે.
- એમયુપીએલ દ્વારા આ નફા નુકશાનમાં હિસ્સાની વહેંચણી પછી વસૂલ કરવાપાત્ર ટ્રુ અપ કરાયેલા એઆરઆરની સમરી અહીં નીચે દર્શાવી છે.

**કોષ્ટક ૧: ના.વ. ૨૦૧૭-૧૮ માટે ટ્રુ અપ કરાયેલા એઆરઆર**

(રૂા. કરોડમાં)

| વિગતો | | વાસ્તવિક ના.વ. ૨૦૧૭-૧૮ માટે |
|---|---|---|
| ના.વ. ૨૦૧૭-૧૮ માટેના મંજુર કરાયેલા એઆરઆર | (એ) | ૧૮૯.૩૯ |
| બાદ: નિયંત્રણ થઈ શકે તેવા પરિબળોના આધારે થયેલો નફો ગ્રાહકો સાથે વહેંચવાનો (૧/૩) | (બી) | ૦.૦૦ |
| બાદ: નિયંત્રણ થઈ શકે નહીં તેવા પરિબળોના આધારે થયેલો નફો ગ્રાહકો સાથે વહેંચવાનો | (સી) | ૩૯.૭૩ |
| ના.વ. ૨૦૧૭-૧૮ માટેના ટ્રુ અપ કરાયેલા એઆરઆર | ડી=એ-(બી+સી) | ૧૪૯.૬૬ |

- ના. વ. ૨૦૧૭-૧૮ માટે નફા અને નુકશાનની વહેંચણી કર્યા પછીની ટ્રુ અપ કરાયેલી એઆરઆર રૂા. ૧૪૯.૬૬ કરોડ છે, જ્યારે વીજળીના વેચાણમાંથી થયેલી મહેસૂલી આવક રૂા. ૧૫૨.૫૦ કરોડની છે. આ રીતે, ના.વ. ૨૦૧૭-૧૮ માટેની મહેસૂલી પુરાંત રૂા. ૨.૮૫ કરોડ થાય છે.
- અગાઉના વર્ષોની મંજુર કરવામાં આવેલા તફાવત સહિત ના.વ. ૨૦૧૭-૧૮ માટેની કુલ મહેસૂલી ખાધ/(પુરાંત) અને તે આગળ લઈ જવાના ખર્ચ (કેરીઈંગ કોસ્ટ) સહિત અહીં નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની છે:

**કોષ્ટક ૨: ના.વ. ૨૦૧૭-૧૮ માટેની સંકલિત મહેસૂલી ખાધ/પુરાંત**

(રૂા. કરોડમાં)

| વિગતો | વાસ્તવિક |
|---|---|
| ના.વ. ૨૦૧૭-૧૮ માટેની મહેસૂલી ખાધ/(પુરાંત) | (૨.૮૫) |
| ઉમેરો: ના.વ. ૨૦૧૫-૧૬ માટેની મહેસૂલી ખાધ/(પુરાંત) ની વસૂલાત | ૫.૪૨ |
| ઉમેરો: ના.વ. ૨૦૧૫-૧૬ માટેની મંજુર કરાયેલી મહેસૂલી ખાધ/(પુરાંત) ના.વ. ૨૦૧૬-૧૭માં આગળ લઈ જવાઈ તથા ના.વ. ૨૦૧૭-૧૮માં આગળ લઈ જવાનો ખર્ચ (કેરીઈંગ કોસ્ટ) | ૧.૨૬ |
| **ના.વ. ૨૦૧૭-૧૮ સંકલિત મહેસૂલી ખાધ/(પુરાંત)** | ૩.૮૪ |

## મહેસૂલી ખાધ/(પુરાંત) અને દરસૂચિની દરખાસ્ત

- હાલના દરોએ ના.વ. ૨૦૧૯-૨૦ માટે અંદાજિત મહેસૂલી આવક રૂ. ૧૯૧.૯૫ કરોડની થાય છે, જેની સામે સુધારેલી એઆરઆર સાથેની અંદાજિત આવક રૂ. ૨૦૨.૦૦ કરોડની હતી.
- અરજદારે ના.વ.૨૦૧૯-૨૦ માટેની અંદાજિત મહેસૂલી ખાધ/(પુરાંત) નક્કી કરવા માટે ના.વ. ૨૦૧૭-૧૮ની સંકલિત મહેસૂલી ખાધની સાથે તેની ના.વ. ૨૦૧૭-૧૮ની સંકલિત ખાધ ઉપરની કેરીઈંગ કોસ્ટ ના.વ. ૨૦૧૮-૧૯ અને ના.વ. ૨૦૧૯-૨૦ માટે પણ ગણતરીમાં લીધી છે. આ રીતે, ના.વ. ૨૦૧૯-૨૦ માટેની અંદાજિત મહેસૂલી ખાધ રૂ. ૧૪.૫૦ કરોડ થશે, જે અહીં નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે:

**કોષ્ટક ૩: હાલના દરે ના. વ. ૨૦૧૯-૨૦ માટેની મહેસૂલી ખાધ/(પુરાંત)**

(રૂા. કરોડમાં)

| વિગતો | ના. વ. ૨૦૧૯-૨૦ |
|---|---|
| ના.વ. ૨૦૧૯-૨૦ માટે સુધારેલી એઆરઆર | ૨૦૨.૦૦ |
| ઉમેરો: ના.વ. ૨૦૧૭-૧૮ માટેની સંકલિત મહેસૂલી ખાધ | ૩.૮૪ |
| ઉમેરો: ના.વ. ૨૦૧૭-૧૮ની સંકલિત ખાધ ઉપર ના. વ. ૨૦૧૮-૧૯ અને ના. વ. ૨૦૧૯-૨૦માં આગળ લઈ જવાની કેરીઇંગ કોસ્ટ | ૦.૬૧ |
| હાલના દરે ના. વ. ૨૦૧૯-૨૦ માટેની અંદાજિત મહેસૂલી આવક | ૧૯૧.૯૫ |
| ના. વ. ૨૦૧૯-૨૦ માટેની મહેસૂલી ખાધ/(પુરાંત) | ૧૪.૫૦ |

**ના.વ. ૨૦૧૯-૨૦ માટેની દરની દરખાસ્ત**

- ના.વ. ૨૦૧૭-૧૮ ની મહેસૂલી ખાધ કેરીઇંગ કોસ્ટ સહિતના એડજસ્ટમેન્ટ પછી ના.વ. ૨૦૧૯-૨૦ માટેની અંદાજિત મહેસૂલી ખાધ રૂા. ૧૪.૫૦ કરોડ હાલના દરે અંદાજે ૩૬૫.૬૯ એમયુના વેચાણ સામે રહેશે.
- અરજદારની દરખાસ્ત હાલની એચટીએમડી-૧ કેટેગરીને બે અલગ અલગ કેટેગરીમાં, એટલે કે એચટીએમડી-૧ (કોમર્સિયલ) અને એચટીએમડી-૧ (ઈન્ડસ્ટ્રીયલ) માં અલગ પાડી દેવાની છે. એમ કરવાનો આશય લોડની વધુ બહેતર આગાહી કરવાનો અને તદ્ અનુસાર પાવર પ્રોક્યોરમેન્ટનું પ્લાનિંગ કરી શકવાનો છે.
- અરજદારની એવી પણ દરખાસ્ત છે કે, એચટીએમડી-૧ (ઈન્ડસ્ટ્રીયલ) કેટેગરીના ગ્રાહકોમાં ૫૦૦ કેવીએથી વધુની કોન્ટ્રાક્ટ ડીમાન્ડ હોય તેમના માટે એનર્જી ચાર્જીસમાં ૨૦ પૈસા પ્રતિ યુનિટનો વધારો કરવામાં આવે.

**ના.વ. ૨૦૧૯-૨૦ થી ના.વ. ૨૦૨૦-૨૧ના સમયગાળા માટેની કુલ મહેસૂલી જરૂરિયાત (એઆરઆર) ની મધ્ય સત્ર સમીક્ષા**

અરજદારના પરવાના વિસ્તાર માટેની એઆરઆરની મધ્ય સત્ર સમીક્ષા નામદાર આયોગ દ્વારા જીઈઆરસી એમવાયટી નિયમનો, ૨૦૧૬માં નિર્દિષ્ટ કરાયેલી માર્ગદર્શિકાઓ ઉપર આધારિત છે. અરજદારે ના.વ. ૨૦૧૯-૨૦ થી ના.વ. ૨૦૨૦-૨૧ માટેની સુધારેલી એઆરઆર અહીં નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ રજુ કરી છે:

**કોષ્ટક ૪: ના.વ. ૨૦૧૯-૨૦ થી ૨૦૨૦-૨૧ના સમયગાળા માટેની સુધારેલી એઆરઆર**

(રૂ. કરોડમાં)

| માપદંડ | ના.વ. ૨૦૧૯-૨૦ મંજુર થયેલા | ના.વ. ૨૦૧૯-૨૦ સુધારેલા | ના.વ. ૨૦૨૦-૨૧ મંજુર થયેલા | ના.વ. ૨૦૨૦-૨૧ સુધારેલા |
|---|---|---|---|---|
| વીજળી ખરીદીનું મૂલ્ય | ૨૬૦.૪૫ | ૧૮૨.૩૫ | ૨૭૩.૮૨ | ૧૮૯.૬૫ |
| સંચાલન અને સારસંભાળ ખર્ચ | ૧૦.૭૨ | ૧૦.૨૫ | ૧૧.૩૩ | ૧૦.૮૪ |
| ઘસારો | ૩.૮૮ | ૨.૧૬ | ૪.૧૨ | ૨.૭૦ |
| વ્યાજ અને ફાયનાન્સ ચાર્જીસ | ૨.૬૯ | ૨.૫૪ | ૨.૫૧ | ૨.૮૮ |
| સીક્યુરીટી ડીપોઝિટ્સ ઉપરનું વ્યાજ | ૦.૨૦ | ૦.૧૧ | ૦.૨૦ | ૦.૧૧ |
| કાર્યકારી મૂડી ઉપરનું વ્યાજ | ૩.૦૩ | ૧.૭૨ | ૩.૧૪ | ૧.૮૦ |
| ઘાલ ખાધ માટેની જોગવાઈ | - | - | - | - |
| કન્ટીન્જન્સી રીઝર્વ | - | - | - | - |
| આવકવેરો | - | ૨.૭૭ | - | ૨.૭૭ |
| મહેસૂલી ખર્ચ | ૨૮૦.૯૬ | ૨૦૧.૯૧ | ૨૯૫.૧૩ | ૨૧૦.૭૫ |
| મૂડી ઉપરનું વળતર | ૩.૧૦ | ૨.૯૯ | ૩.૨૬ | ૩.૩૧ |
| બાદ: ટેરિફ સિવાયની આવક | ૦.૪૫ | ૨.૯૦ | ૦.૪૫ | ૨.૯૨ |
| બાદ: અન્ય બિઝનેસમાંથી આવક | - | - | - | - |
| કુલ એઆરઆર | ૨૮૩.૬૧ | ૨૦૨.૦૦ | ૨૯૭.૯૪ | ૨૧૧.૧૪ |

**ના.વ. ૨૦૧૯-૨૦ માટેની દરની સૂચિ**

- અરજદારે ૧લી એપ્રિલ, ૨૦૧૯થી અમલમાં આવે તે રીતે એક કેટેગરી એટલે કે એચટીએમડી-૧ (ઈન્ડસ્ટ્રીયલ) સિવાય દરોમાં કોઈ વધારાની દરખાસ્ત કરી નથી. મુંદ્રા એસઈઝેડ વિસ્તારમાં સૂચિત દર સૂચિ અહીં નીચે દર્શાવી છે:

**કોષ્ટક ૫: મુંદ્રા એસઈઝેડના એમયુપીએલ વિસ્તાર માટેની દર સૂચિ**

| ક્ર.નં. | કેટેગરી | ફિક્સ્ડ ચાર્જીસ | એનર્જી ચાર્જ | |
|---|---|---|---|---|
| ૧ | **રહેઠાણ** | **ફિક્સ્ડ ચાર્જ**<br>**સિંગલ ફેઝ સપ્લાય**<br>દર મહિને દરેક ઈન્સ્ટોલેશન દીઠ રૂા.૩૦/-<br>**થ્રી ફેઝ સપ્લાય**<br>દર મહિને દરેક ઈન્સ્ટોલેશન દીઠ રૂા.૪૫/- | પહેલા ૨૫૦/યુનિટ | ૩૨૦/પૈસા યુનિટ |
| | | | બાકીના યુનિટ | ૩૭૦/પૈસા યુનિટ |
| ૨ | **કોમર્સિયલ નોન ડીમાન્ડ**<br>(૬ કેવીએ સુધી કનેક્ટેડ લોડ) | **સિંગલ ફેઝ સપ્લાય**<br>દર મહિને દરેક ઈન્સ્ટોલેશન દીઠ રૂા.૧૦૦/- | પહેલા ૧૫૦ યુનિટ | ૩૭૦/પૈસા યુનિટ |
| | | | બાકીના યુનિટ | ૩૯૫/પૈસા યુનિટ |
| ૩ | **કોમર્સિયલ ડીમાન્ડ**<br>(૬ કેવીએ અને તેથી વધુ કનેક્ટેડ લોડ) | **કોન્ટ્રાક્ટ ડીમાન્ડ સુધી અને સહિતની બિલિંગ ડીમાન્ડ**<br>(ગણતરી માસિક ધોરણે કોન્ટ્રાક્ટ ડીમાન્ડના ૮૫% યુ.પી.એફ. પર અને ૧૦૦% લોડ ફેક્ટર અથવા તો વાસ્તવિક વધુમાં વધુ ડીમાન્ડ માસિક એવરેજ પાવર ફેક્ટર અથવા ૬ કેવીએ, જે પણ | સમગ્ર વપરાશ | ૨૭૦/પૈસા યુનિટ |

<table>
<tr><td></td><td></td><td>વધુ હોય તે મુજબ માસિક ધોરણે) ૭૫ પૈસા/યુનિટ<br>**કોન્ટ્રાક્ટ ડીમાન્ડથી વધુ**<br>૧૨૫ પૈસા/યુનિટ</td><td></td><td></td></tr>
<tr><td>૪</td><td>**ઈન્ડસ્ટ્રીયલ નોન ડીમાન્ડ**<br>(૬ કેવીએ સુધી કનેક્ટેડ લોડ)</td><td>**સિંગલ ફેઝ સપ્લાય**<br>દર મહિને દરેક ઈન્સ્ટોલેશન દીઠ રૂ.૧૦૦/-</td><td>પહેલા ૧૫૦ યુનિટ</td><td>૩૪૫/પૈસા યુનિટ</td></tr>
<tr><td></td><td></td><td></td><td>બાકીના યુનિટ્સ</td><td>૩૭૦/પૈસા યુનિટ</td></tr>
<tr><td>૫</td><td>**ઈન્ડસ્ટ્રીયલ ડીમાન્ડ**<br>(૬ કેવીએ અને તેથી વધુ કનેક્ટેડ લોડ)</td><td>**કોન્ટ્રાક્ટ ડીમાન્ડ સુધી અને સહિતની બિલિંગ ડીમાન્ડ**<br>(ગણતરી માસિક ધોરણે કોન્ટ્રાક્ટ ડીમાન્ડના ૮૫% યુ.પી.એફ. પર અને ૧૦૦% લોડ ફેક્ટર અથવા તો વાસ્તવિક વધુમાં વધુ ડીમાન્ડ માસિક એવરેજ પાવર ફેક્ટર અથવા ૬ કેવીએ, જે પણ વધુ હોય તે મુજબ માસિક ધોરણે) ૭૫ પૈસા/યુનિટ<br>**કોન્ટ્રાક્ટ ડીમાન્ડથી વધુ**<br>૧૨૫ પૈસા/યુનિટ</td><td>સમગ્ર વપરાશ</td><td>૨૭૦/પૈસા યુનિટ</td></tr>
<tr><td>૬</td><td>**સ્ટ્રીટ લાઈટ્સ**</td><td></td><td>સમગ્ર વપરાશ</td><td>૩૨૦/પૈસા યુનિટ</td></tr>
<tr><td>૭</td><td>**ટેમ્પરરી ડીમાન્ડ**</td><td>**કોન્ટ્રાક્ટ ડીમાન્ડ સુધી અને સહિતની બિલિંગ ડીમાન્ડ**<br>(ગણતરી માસિક ધોરણે કોન્ટ્રાક્ટ ડીમાન્ડના ૮૫% યુ.પી.એફ. પર અને ૧૦૦% લોડ ફેક્ટર અથવા તો વાસ્તવિક વધુમાં વધુ ડીમાન્ડ માસિક એવરેજ પાવર ફેક્ટર, જે પણ વધુ હોય તે મુજબ માસિક ધોરણે)<br>૭૫ પૈસા/યુનિટ<br>**કોન્ટ્રાક્ટ ડીમાન્ડથી વધુ**<br>૧૨૫ પૈસા/યુનિટ</td><td>સમગ્ર વપરાશ</td><td>૩૪૫/પૈસા યુનિટ</td></tr>
<tr><td>૮</td><td>**એલટી – ઈલેક્ટ્રીક વેહિકલ (ઈવી) ચાર્જીંગ સ્ટેશન**</td><td>રૂ. ૨૫ દર મહિને દરેક ઈન્સ્ટોલેશન દીઠ</td><td>સમગ્ર વપરાશ</td><td>૩૦૫/પૈસા યુનિટ</td></tr>
<tr><td rowspan="2">૯</td><td rowspan="2">**એચટીએમડી – ૧**<br>(કોમર્સિયલ)</td><td rowspan="4">**એ) ગ્રાહકની બિલિંગ ડીમાન્ડ, જે**<br>૧) ૫૦૦ કેવીએ સુધીની કોન્ટ્રાક્ટ ડીમાન્ડ ધરાવે છે<br>(ગણતરી માસિક ધોરણે કોન્ટ્રાક્ટ ડીમાન્ડના ૮૫% યુ.પી.એફ. પર અને ૧૦૦% લોડ ફેક્ટર અથવા તો વાસ્તવિક વધુમાં વધુ ડીમાન્ડ માસિક એવરેજ પાવર ફેક્ટર, જે પણ વધુ હોય તે મુજબ માસિક ધોરણે અથવા તો ૧૦૦ કેવીએ)<br>૭૫ પૈસા/યુનિટ<br>૨) ૫૦૦ કેવીએ થી વધુની કોન્ટ્રાક્ટ ડીમાન્ડ ધરાવે છે<br>(ગણતરી માસિક ધોરણે કોન્ટ્રાક્ટ ડીમાન્ડના ૮૫% યુ.પી.એફ. પર અને ૧૦૦% લોડ ફેક્ટર અથવા તો વાસ્તવિક વધુમાં વધુ ડીમાન્ડ માસિક એવરેજ પાવર ફેક્ટર, જે પણ વધુ હોય તે મુજબ માસિક ધોરણે)<br>૧૧૦ પૈસા/યુનિટ<br>**બી) કોન્ટ્રાક્ટ ડીમાન્ડથી વધુ**<br>૧) ૫૦૦ કેવીએ સુધીની ડીમાન્ડ<br>૧૨૫ પૈસા/યુનિટ<br>૨) ૫૦૦ કેવીએથી વધુની ડીમાન્ડ<br>૧૫૦ પૈસા/યુનિટ</td><td>૫૦૦ કેવીએ સુધીની કોન્ટ્રાક્ટ ડીમાન્ડ</td><td>૩૧૦/પૈસા યુનિટ</td></tr>
<tr><td>૫૦૦ કેવીએથી વધુની કોન્ટ્રાક્ટ ડીમાન્ડ</td><td>૩૫૦/પૈસા યુનિટ</td></tr>
<tr><td rowspan="2">૧૦</td><td rowspan="2">**એચટીએમડી – ૧**<br>(ઈન્ડસ્ટ્રીયલ)</td><td>૫૦૦ કેવીએ સુધીની કોન્ટ્રાક્ટ ડીમાન્ડ</td><td>૩૧૦/પૈસા યુનિટ</td></tr>
<tr><td>૫૦૦ કેવીએથી વધુની કોન્ટ્રાક્ટ ડીમાન્ડ</td><td>૩૭૦/પૈસા યુનિટ</td></tr>
<tr><td>૧૧</td><td>**એચટીએમડી – ૨**</td><td>**કોન્ટ્રાક્ટ ડીમાન્ડ સુધી અને સહિતની બિલિંગ ડીમાન્ડ**<br>(ગણતરી માસિક ધોરણે કોન્ટ્રાક્ટ ડીમાન્ડના ૮૫% યુ.પી.એફ. પર અથવા તો વાસ્તવિક વધુમાં વધુ ડીમાન્ડ માસિક એવરેજ પાવર ફેક્ટર, જે પણ વધુ હોય તે મુજબ એક સો કેવીએ માસિક ધોરણે)<br>૧૦૦ પૈસા/યુનિટ<br>**કોન્ટ્રાક્ટ ડીમાન્ડથી વધુ**<br>૧૫૦ પૈસા/યુનિટ</td><td>સમગ્ર વપરાશ</td><td>૪૪૫/પૈસા યુનિટ</td></tr>
<tr><td>૧૨</td><td>**એચટીએમડી – ૩**</td><td rowspan="2">**કોન્ટ્રાક્ટ ડીમાન્ડ સુધી અને સહિતની બિલિંગ ડીમાન્ડ**<br>(ગણતરી માસિક ધોરણે કોન્ટ્રાક્ટ ડીમાન્ડના ૮૫% યુ.પી.એફ. પર અને ૧૦૦% લોડ ફેક્ટર અથવા તો વાસ્તવિક વધુમાં વધુ ડીમાન્ડ માસિક એવરેજ પાવર ફેક્ટર, જે પણ વધુ હોય તે મુજબ એક સો કેવીએ માસિક ધોરણે)<br>૭૫ પૈસા/યુનિટ<br>**કોન્ટ્રાક્ટ ડીમાન્ડથી વધુ**<br>૧૨૫ પૈસા/યુનિટ</td><td>સમગ્ર વપરાશ</td><td>૨૭૦/પૈસા યુનિટ</td></tr>
<tr><td>૧૩</td><td>**એચટીએમડી – ૪**</td><td>સમગ્ર વપરાશ</td><td>૨૭૦/પૈસા યુનિટ</td></tr>
</table>

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪ | **એચટી – ઈલેક્ટ્રીક વેહિકલ (ઈવી) ચાર્જીંગ સ્ટેશન્સ** | **કોન્ટ્રાક્ટ ડીમાન્ડ સુધી અને સહિતની બિલિંગ ડીમાન્ડ**<br>રૂ. ૨૫ પ્રતિ કેવીએ દર મહિને<br>**કોન્ટ્રાક્ટ ડીમાન્ડથી વધુ**<br>રૂ. ૫૦ પ્રતિ કેવીએ દર મહિને | સમગ્ર વપરાશ | ૩૦૦/પૈસા યુનિટ |

**નોંધ:**

૧ પાવર ફેક્ટર એડજસ્ટમેન્ટ ચાર્જીસ – કોમર્સિયલ ડીમાન્ડ આધારિત, ઈન્ડસ્ટ્રીયલ ડીમાન્ડ આધારિત, એચટીએમડી-૧ (કોમર્સિયલ), એચટીએમડી-૧ (ઈન્ડસ્ટ્રીયલ), એચટીએમડી-૨, એચટીએમડી-૩ તથા એચટીએમડી-૪ ગ્રાહકોને લાગુ પડે છે.

<u>પાવર ફેક્ટરમાં દરેક ૧% ના સુધારા દીઠ રીબેટ આપવામાં આવે છે.</u>

પાવર ફેક્ટર ૯૦% થી ૯૫% - ૦.૧૫ પૈસા/યુનિટ

પાવર ફેક્ટર ૯૫% થી વધુ - ૦.૨૭ પૈસા/યુનિટ

<u>પાવર ફેક્ટરમાં દરેક ૧% ના ઘટાડા માટે દંડ વસૂલ કરવામાં આવે છે.</u>

પાવર ફેક્ટર ૯૦% થી ઓછો - ૩.૦૦ પૈસા/યુનિટ

૨ એફપીપીપીએ ચાર્જીસ - લાગું પડતા હોય તે મુજબ

૩ એચટીએમડી-૧ (કોમર્સિયલ) એચટીએમડી-૧ (ઈન્ડસ્ટ્રીયલ), એચટીએમડી-૨, એચટીએમડી-૩ તથા એચટીએમડી-૪ કેટેગરીના ગ્રાહકો માટે ઈએચવી ખાતે સપ્લાય માટે રીબેટ આ મુજબ અપાય છે:

| **એનર્જી ચાર્જીસ ઉપર** | | **રીબેટ @** |
|---|---|---|
| ૧ | સપ્લાય ૧૧ કેવી હોય તો | ૦.૦% |
| ૨ | સપ્લાય ૩૩ કેવી હોય તો | ૧.૦ % |
| ૩ | સપ્લાય ૬૬ કેવી અને વધુ હોય તો | ૨.૦ % |

**નોંધ:** ઉપરોક્ત રીબેટ ફક્ત માસિક ધોરણે લાગું પડશે અને જે ગ્રાહકોના અગાઉના બિલના લેણા પડતર હશે, તેઓ ઉપરોક્ત રીબેટ મેળવવાને પાત્ર નહીં ગણાય. જો કે, જે ગ્રાહકોના બાકી લેણાની વસૂલાત સામે યોગ્ય અધિકારી કોર્ટ દ્વારા મનાઈહુકમ ફરમાવાયો હોય તેમને લાગું પડતો રીબેટ અપાશે.